3135

ગાય વિગેરે પશુહત્યાના પાપનું દિગ્દર્શન

અને

તેના નિવારણના ખરા ઉપાયં.

ભાગ પેહલો.

આ પુસ્તક

પંડિત નારાયણ કેશવ વૈદ્ય

એણે

અનેક ગ્રંથોના અને સરકારી રિપોર્ટોના આધારે રચીને લોકહિતાર્થ પ્રસિદ્ધ કર્યુંછે.

મુંબઈ:

"નિર્ણયસાગર" છાપખાનામાં છપાવ્યો.

અશ્વીન શુદ્ધ ૧ શકે ૧૮૦૯.

કિંમત અડધો આનો.



મંગલાચરણ.

ગોબાલકરક્ષકાય, કૃષ્ણાય પરમાત્મને ।।
પ્રણત:કલેશનાશાય, ગોવિંદાય નમોનમ: ।। ૧ ।।

સાકી.

ગોહત્યા આ હિંદુસ્થાનમાં, અતિશય દુષ્ટ કરે છે ।।
તેજ પ્રમાણે અન્ય પશુ પણ, નિશીદીન તે મારે છે ।। ૧ ।।
આ પાપથી આર્ય જનોને, દુ:ખ ઘણું થાયે છે ।।
ધન ધાન્યનો નાશ થઇને, નરકે તે જાયે છે ।। ૨ ।।
સજ્જનો તમે એ માટે રે, ન્યાય નીતી સ્વિકારો ।।
આર્ય ભૂમિ આ પવિત્ર કરિને; યશ લેવો આ સારો ।। ૩ ।।
અહિં સકોયે સરકારને, અરજ કરીને કહેવું ।।

શરણ છીયે અમે ગોમાતાને, *પ્રાણ રક્ષણ આપે દેવું ॥૪॥
આ યુક્તિથી પાપ ખરેખર, જશે આ નિર્ધાર ॥
કહે નારયણ કેશવ દેવજી, આપશે પછી સુખસાર ॥૫॥

હીંસાનું પાપ.

સ્ત્રીબાલવિપ્રગોહંતા સર્વકર્મબહિષ્કૃતઃ ॥
સ યાતી નરકાન્ ઘોરાન્ યાવદિંદ્રાશ્ચતુર્દશ ॥
ઇતિ વરાહ, નારદ વ બ્રહ્મવૈવર્ત પુરાણ ॥
અનુમંતા વિશસિતા નિંહતા ક્રયવિક્રયી ॥
સંસ્કર્ત્તા ચોપહર્ત્તા ચ ખાદકશ્ચેતિ ઘાતકાઃ ॥
ઇતિ મનુસ્મૃ૦ અ૦ ૫ શ્લો૦ ૪૮-૫૧ અને શ્રી૦ ભાગવત સ્કં૦ ૬ અ૦ ૧૮ શ્લો૦ ૪૭ અને ભગવદ્ગીતા અ૦ ૬ શ્લો૦ ૩૨.

---

* સૌરભેયાઃ સર્વહિતાઃ । પવિત્રાઃ પુણ્યરાશયઃ ॥
પ્રતિગૃણ્હંતુ મે ગ્રાસં । ગાવસ્ત્રૈલોક્યમાતરઃ ॥ ૧ ॥
ઈતિ ઋગ્વેદી બ્રહ્મકર્મે ગો ગ્રાસ દાનવિધી. ઋગ્વેદ સં. મંડલ ૬ અ. ૩ સૂક્ત ૨૮ ઋચા ૧ આ ગાવોઇતિ. શુકલ યજુર્વેદ સં. અ૦ ૩૬ મંત્ર ૮ શન્નો અસ્તુ ઇતિ.

ભાવાર્થ—મનુષ્ય જેને પેટે જન્મ લેછે તેને જ માતા માનેછે, પણ તે માતાને તથા સ્વર્ગ, મૃત્યુ પાતાળ આદી સર્વ લોકને ઉત્પન્ન કરી તેને આરોગ્યતા અને શુદ્ધતા આપી પુણ્યવાન કરનારી અને સંપત્તીસુખ આપનારી જગતની માતા ગાયછે એ માટે બધા મનુષ્યોએ તેની પુજા કરીને પ્રીતીથી અન્ન આપવું જોઇયે.

ભાવાર્થ—સ્ત્રી, બાળ, બ્રાહ્મણ અને ગાય એમને જે માણસ મારશે તે સર્વ ધર્મથી ભ્રષ્ટ થઇ ચઉદ ઇંદ્ર થઇ જાય ત્યાંસુધી નરકમાં પડી ઘણુંક દુખ ભોગવશે. કોઇ પણ જીવને માર એમ કેહનાર, મારનાર, તેનું માંસ કાપનાર, વેંચનાર, લેનાર, બાફનાર, ખાનાર અને માંસના દ્રવ્ય ઉપર પોતે નીર્વાહ કરનારો એ આઠ માણસો જીવ મારેલા પાપ બદ્દલ સરખીજ શીક્ષાને પાત્ર છે એમ મનુ કહે છે. * અને શ્રીકૃષ્ણ કેહછે કે પોતાના જીવ પ્રમાણેજ સર્વ જીવોનું રક્ષણ કરે છે તેજ પુણ્યવાન છે.

અકબર બાદશાહને ગાયની અરજ.

અકબર બાદશાહએ ઘંટાકચેરી એ નામની એક જગા પોતાના રાજમેહેલની નજીક એકલાએજ જાતે રૈયતનો ન્યાય કરવા માટે કરી હતી. જેને ન્યાય મળ્યો ન હોય તેણે ત્યાં જઈ તેમાં એક ઘંટ બાંધ્યો હતો તે મધરાતે પણ ગમે તે વખતે જઈને વગાડવા માટે કોઈ પણ પ્રકારની હરકત ન હતી. તે ઘંટનો અવાજ બાદશાહે અને બીરબલે સાંભળ્યા બરોબર તુરતજ ત્યાંહાં જઈ અરજદારને ખરો

---

* વીધવાને. વીધવાનાં છોકરાંને અને બકરાં વીગેરેને પશુઆને દુખ દે તેને દેવ શીક્ષા આપે છે. બાયબલ ની૦ પુસ્તક અ૦ ૨૨. આવી ૨૨-૨૪. ગીતાનું પુસ્તક ગીત ૯૪. આવી ૬. એશાયાનો ભવીષ્યવાદ પુ૦ અ૦ ૧ આ૦ ૧૨-૧૬-૧૭-૧૮. દાનીયેલ પર્વ અ૦ ૧ આ. ૧૦-૧૧-૧૫-૧૬-૨૬-૨૭ મી.

ન્યાય આપવો એ રાજાનો મોટો નીમ હતો. પણ ત્યાંહાં જઈ બાદશાહને ન્યાય કરવાનો વખત કોઈ પણ દાહડો આવ્યો નહીં. એનું કારણ એ હતું કે વકીલ બાલીસ્ટરની પેટભરવાની યુક્તી પ્રયુક્તી અને સ્ટાંપ વગેરે રાજહીતના કરો (નફો) ન ગણકારતાં દુર ઉરાડી નાંખીને બાદશાહ એકલોજ વાદીપ્રતીવાદીનો ખરો ઈનસાફ જાતેજ કરશે અને ખોટો ન્યાય કરનાર ન્યાયાધીકારીને (નોકરને) મોટી ફાંશીની શીક્ષા આપશે એ ભય સઘળા નોકરોના મનમાં હંમેશ રેહેતો હતો તેથી ઘંટાકચેરીની કોઈ દાહાડો કોઈને ગરજ પડી ન હતી.

એક દીવસ એક એવો ચમત્કાર થયો કે એક ગાય ઘંટાકચેરીમાં જઈ ત્યાંના ઘંટની દોરી પોતાના શીંગડામાં ભેરવી મોટા જોરથી ઘંટ વગાડતી ત્યાં ઊભી રહી. ઘંટનો અવાજ બાદશાહે તથા બીરબલે સાંભળતાંજ મોટી ઝડપથી બંનેજણા ત્યાં ગયા અને જોયું તો કોઈ માણસ ન હતું પણ એક ગાય તે ઘંટ વગાડતી ઊભી રહી હતી તેને જોઈને બાદશાહ કહેછે તારી શી અરજ છે ? તે મને કેહ. તે સાંભળીને બાદશાહના પુણ્યપ્રતાપથી મનુષ્યવાણીએ ગાય પોતાની અરજ બાદશાહ આગળ કરેછે.

દોહા.

જો દંત ન તૃણ ધરે સબલ પુનિતા હી ન મારે,
હમ નિસદીન તૃણ ચરે દીન હોયે બચન ઉચ્ચારે;

કટુક દુધ તુરકન દે મધુરચ હિંદુ ન પાવે,
રાત દીન કે કાજકૂ પૃથ્વીથંભન સુત પાવે;
જો મુવે તોબી ચામ સેવે ચરણ ગો અરજ અકબરશાહા સુન,
અપરાધ કૌન સો કહીયે હમ હલાલ કારણ કૌન;

એ કવીતાનો ભાવાર્થ—ગાય કેહેછે—હે શ્રેષ્ટરાજા બાદશાહ તું ધર્મ, નીતી, ન્યાય જાણેછે અને દયાળુપણાથી આખી પ્રજાનું પીતાપ્રમાણે જો તુંપાલન કરેછે તો આ ગરીબ ગાયને ન્યાય આપ. જો પોતાનો શત્રુ ઘણો અપરાધી છતાં એક ક્ષણ પણ મોમાં તણખલું ઘાલી પોતાને શરણે આવે તો તેને કાંઈપણ દાહડો કોઈ મારતું નથી અને હમેં ગાય ભેંસ વીગેરે ગરીબ ઢોર વગડામાં જઇ હમારૂં પેટ તણખળેજ ભરીએ છીએ. એટલુંજ નહીં પણ હમને કાપી ખાનારા જે મ્લેચ્છ યવનો છે તેને હમેં કડવું દુધ આપીએ છીએ અને અમારી પુજા કરી સુખ આપનારા અહીંસક હીંદુઓને ગળ્યું દુધ દઈએ છીએ એમ નથી. એ બેને નીઃપક્ષપાત બુદ્ધીથી સમાનગણી માતાપ્રમાણે અમૃત સરખુંજ દુધ જીવતાં હોઈએ તો આપીએ છીએ. તેઓ તે દુધના પેંડા, બાસુદી અને ઘી કરી ખાયછે અને આરોગ્ય રહી બલીષ્ઠ થઇ સુખ ભોગવેછે.

અને અમારા પુત્ર જે બળદ તે હળ, ગાડી અને માલ તડકો, ટાઢ અને વરસાદમાં રાતદહાડો ભાર ખેંચી લઇ સર્વે મનુષ્યને રોજ સુખ આપેછે એટલુંજ નહીં પણ હમે મરી

ગયાં તો પણ અમારૂં ચામડું પગ રક્ષણ કરવા માટે જોડા કરવામાં અને દેવાલયમાં નગારાં વીગેરે વાદ્યો કરવાને કામ લાગેછે અને મલમૂત્ર પણ મનુષ્યની સ્વચ્છતા માટે રોજ ઘણું ઉપયોગી પડેછે એટલા માટે હમારા જીવ સર્વે મનુષ્યોએ હરેક પ્રયત્ન કરી સુખી રાખવા એ મનુષ્યનો ખરો ધર્મછે. તેમ છતાં પણ મ્લેચ્છ યવનો હમારી જુવાનીના સુખના દહાડામાંજ અમરાં નીરપરાધી ગળાં કાપીને ઘણાં દુઃખો આપેછે અને દુર્ગંધયુક્ત હમારૂં માંસ વાઘની પેઠે કેમ ખાયછે? એ હમારી ગરીબ ગાયની અરજ ખરી હોય તો હે ન્યાયી રાજા હમારા પ્રાણ ઉગાર નહીંતો હમારો જીવ લેવા જેવા કયા ગુન્હા છે તે કેહે?

અકબર બાદશાહે આવી ગાયની અરજ સાંભળી "હે ખુદાવંદ! હે ખુદાવંદ! મૈં ન્યાયી હોકર બડા અન્યાય રહ ગયાથા" એમ કહીને ઘણો દુઃખી થયો અને ઘણો ગભરાઇને મોટેથી રોવા લાગ્યો અને બોલ્યો કે આજ પછી કોઇ ગાયને મારશે તેને ફાંશીની શીક્ષા કરીશ અને ત્યારબાદ કાયદો કરી સઘળે ઠેકાણે જાહેરનામાં કર્યાં.*

આ અકબર બાદશાનો દાખલો જો હમારી હાલની સરકાર મનમાં લેઇ ગાય વીગેરે પશૂના પ્રાણ બચાવશે તો સર્વ હીંદુસ્થાન સુખી અને શ્રીમાન થઇ મોટું પરાક્રમી અને બલાઢય થશે અને હરેક બાબતમાં સરકારને જોઇશે તેવી મદત કરશે.

---

* આ કથા "આઇન અકબરી" અને, પ્રોફેસર એચ. એચ. ઉઇલસને પ્રસિદ્ધ કરેલું હિંદુધર્મ પુસ્તક બીજું. પાનું ૩૮૮।૯૩।૯૪ જુવો.

મુંબઈ શેહેરમાંની મ્યુનિસીપાલીટીનો વરસ બરસુધી ખાવામાટે, ગાય, ભેંસ વીગેરે

સને ૧૯૮૫ ના બાર મહીના.	ભેસ અને પાડા.	ગાય અને બળદ.	પાડી અને નાના પાડા.	બકરાંઅને ઘેટાં ગાડરાં	માહીમમાં ગાડરાં—ઘેટાં અને બકરાં.
જાનેવારી...	૨૬૨	૧૮૮૪	૪	૪૧૭૩૮	૧૫૩૦
ફેબ્રુવારી ...	૨૨૦	૧૭૬૪	૯	૩૪૧૫૦	૧૨૨૫
માર્ચ	૨૭૫	૧૮૦૦	૮	૩૫૪૦૨	૧૩૦૪
એપ્રિલ ...	૨૭૧	૧૮૭૯	૧	૩૩૬૮૪	૧૨૪૧
મે.........	૨૭૧	૧૮૬૧	૯	૩૯૭૪૩	૧૬૭૩
જૂન	૨૫૪	૧૭૦૧	૯	૩૯૦૪૧	૧૫૪૯
જુલૈ	૨૬૫	૧૫૮૯	૯	૩૫૭૦૮	૧૨૭૧
આગસ્ટ ...	૨૭૭	૧૩૮૧	૧૫	૩૪૬૩૭	૧૦૮૫
સપટંબર ...	૨૪૩	૧૫૮૨	૧૮	૩૮૯૫૭	૧૨૫૪
આક્ટોબર..	૨૫૧	૧૬૦૬	૧૫	૩૮૮૦૧	૧૦૭૭
નોવેંમબર...	૨૫૩	૧૭૭૧	૯	૩૬૭૩૦	૧૨૪૩
ડિસેંબર ...	૨૫૮	૨૧૨૮	૧	૩૯૧૬૦	૧૬૦૬
એક વરસનો સરવાળો.	૩૧૦૦	૨૦૯૪૬	૧૦૭	૪૪૭૭૫૧	૧૬૦૫૮

વારી રીપોર્ટ, સને ૧૮૮૫ જાનેવારીથી ડીસેં-
પશુ માર્યા તેનું એકંદર સંખ્યા પત્રક.

વાદરામાં ગાડરાં બકરાં અને ઘેટાં.	સરકારી લશકર માટે ગાયો ને ભેંસો.	સરકારી લશકર માટે બકરાં ગાડરાં અને ઘેટાં.	ડુકર.	વહાણમાંના લોકો માટે અને દેવ ધરમ માટે શેહેરમાં ગાય અને ભેંસ.	વહાણમાં ખાવા માટે અને દેવ ધરમના કામ માટે બકરાં ગાડરાં અને ઘેટાં.	દર મહીનાની એકંદર બેરીજ
૧૧૧૫	૮૩	૧૯૦	૬૮	૭૭	૩૨૬૦	૫૦૨૧૧
૧૦૨૦	૯૪	૨૪૨	૯૩	૩૨	૪૩૦૫	૪૩૧૫૪
૮૯૪	૧૦૫	૨૭૭	૬૮	૬૩	૬૮૯૯	૪૭૦૯૫
૧૦૯૦	૮૫	૩૦૧	૭૬	૪૫	૩૭૪૯	૪૨૪૨૨
૧૩૬૩	૮૯	૨૯૮	૭૩	૪૦	૨૮૯૫	૪૮૩૧૫
૧૨૧૯	૮૫	૨૫૩	૭૯	૫૫	૨૬૮૪	૪૬૯૨૯
૧૦૩૯	૮૨	૨૭૯	૬૮	૧૬	૩૨૮૧	૪૩૬૦૭
૮૪૨	૮૨	૨૮૦	૭૩	૨૭	૨૬૨૭	૪૧૩૨૬
૧૦૧૨	૭૮	૨૭૫	૭૦	૯૦	૬૮૨૮	૫૦૪૦૭
૯૧૧	૧૦૩	૨૭૨	૭૪	૪૭	૩૪૦૧	૪૬૫૫૮
૯૩૬	૯૧	૩૪૬	૭૦	૯૩	૩૦૦૩	૪૪૫૪૫
૧૦૬૩	૭૭	૨૯૨	૯૮	૪૧	૩૫૯૩	૪૮૩૧૭
૧૨૫૦૪	૧૦૫૪	૩૩૦૫	૯૧૦	૬૨૬	૪૬૫૨૫	૫૫૨૮૮૬

સદહુ કોષ્ટકમાં બતાવેલી ગાય, બળદ, ભેંસ, પાડા, નાના પાડા, પાડી, બકરા, બકરી, ઘેંટા ઘેંટી, ગાડરાં, હુકર વિગેરે મુગાં ગરીબ પશુઓને ખાવામાટે દરવરસે (બારે મહિને) આ મુંબાઇ શેહેરમાં એકંદર ૫,૫૨,૮૯૬ મારવામાં આવ્યાછે. તેમાં ગાય બળદ વિગેરે ઢોરોની ગણત્રી ૨૫,૮૩૩ થાયછે એમ ઠરેછે, ત્યારે એ ઉપરથી આ આખા મુંબઇ ઇલાકામાં, મદ્રાસ શેહેર અને મદ્રાસ ઇલાકામાં, બંગાળ અને બંગાળ ઈલાકામાં, અલહાબાદ અને અલહાબાદ ઇલાકામાં, પંજાબ અને પંજાબ ઇલાકામાં અને વરાડ, વાયવ્ય, હેદ્રાબાદ, મેસુર, વડોદરા, અજમેર, આસામ, કુર્ગ, ગોવા, બ્રિટીશબ્રહ્મા વિગેરે આ બધા હીંદુસ્થાનમાંના પ્રાંતો પ્રાંત અને ગામોગામમાં અને લંડન, વિલાયત, જર્મની ઇત્યાદિ દ્વીપોદ્વીપમાં ઉપલાં પશુઓ અને મરઘાં, સસલાં, બતકો, હરણો, કપોત, મોર, તીત્તીર પક્ષી, લાહવા, માછળાં વીગેરે જળચર, ગ્રામચર, વનચર, ખગચર ઇત્યાદી ગરીબ અને સુખ દેનારાં જનાવરો પશુ પક્ષીઓ દરસાલ અસંખ્ય મારી ખાયછે તેને બચાવવા માટે શૈવ, વૈષ્ણવ, શ્રાવક, અને બ્રાહ્મણાદી અહીંસક આર્યોએ (હીંદુઓએ) પાષાણ સરખા થવું ન જોઇએ દયાવંત થઇને સારી પેઠે વીચાર કરો અને એ મોટું પાપ જલદીથી નહીં સરખું થાય તેમ કરો. નહીં તો આ યોગથી સર્વ સંપત્તીસુખની હાની થાયછે અને દુઃખદાયક નર્ક ભોગવવાનો રસ્તો દિવસે દિવસે મોટો થતો જાયછે તે આંખ ઊઘાડી વિચારી જુઓ.

હરેક પ્રયત્નથી એક ગાય બચાવીએ તો કેટલો લાભ થાય તે જુઓ.

જાફરાબાદ વિગેરે રસાળ મુલકમાંની જબરી એક ગાય દરરોજ સવાર સાંજ બેવાર મળી ઓછામાં ઓછું સોળ શેર દુધ આપેછે અને કોકણ વિગેરે નીસ્તેજ મુલકની દરરોજ સવાર સાંજ બે વખત મળી ઓછામાં ઓછું બસેર દુધ આ-પેછે. એ અનુમાને સરાસરી ગણીએ તો પ્રત્યેક ગાયનું સ-વાર સાંજ બે વખત મળી દરરોજનું નવસેર દુધ ગણીએ તો દર મહીને (ત્રીસ દિવસે) પોણાસાત મણ દુધ એક ગા-યનું થાયછે અને ચોખી નીરોગી ગાય વીઆઈ તો વીયા-યાના દીવસથી આઠ મહિના સુધી દુધ આપેછે અને નઠારી રોગી ગાય હોય તો છ મહીના દુધ આપેછે એ અનુમાને સરાસરી એક ગાય એક વેતરનું સાત મહીના દુધ આપેછે એમ ગણીએ તો એ હિસાબે સાત મહીનાનું એકંદર દુધ ૪૭ાા મણ થાયછે. એમ ઠરેછે.

ગાય ઓછામાં ઓછી છ અને વત્તામાં વત્તી નવ વખત વીઆય. એ અનુમાને સરાસરી એક ગાય આઠ વખત વીયાય છે એમ ગણીએ તો આઠ વેતરનું દુધ ઉપરના હી-સાબ મુજબ જો એકંદર કરીએ તો ૩૭૮ મણ થાયછે એમ સિદ્ધ થાયછે.

ઉપર બતાવેલી એક ગાય પોતાની જીંદગીમાં આઠ વ-

ખત વીઆય એવી કલ્પના કરી છે. તો તેના આઠ વાછ-રડાંમાંથી એકાદ વાછરડું મરવાનો સંભવ છે બાકી સાત વાછરડાં રહ્યાં તેમાંથી ત્રણ ગાય થઇ તો તે ત્રણ ગાયની હયાતીનું દુધ એકંદર ઉપર બતાવ્યા પ્રમાણે એક ગાયની હયાતીના હિસાબ મુજબ ૧૧૩૪ મણ થાયછે. અને એ ત્રણ ગાય અને તેની માનું મળી એકંદર ચાર ગાયનું દુધ જો એક ઠેકાણે ગણીએ તો ૧૫૧૨ મણ થાયછે. અને એટલા દુધની ખીર જો કરીએ તો સરાસરી દર મનુષ્યે બસેર (તોળાં ૧૬૦) દુધ મુજબ ગણી એ તો એટલા દુધમાંથી ૩૦,૨૪૦ માણસો એક વખત જમી તૃપ્ત થાય એમ સિદ્ધ થાયછે.

ઉપરની એક ગાયની પ્રજામાંના ચાર બળદ રહ્યા. તેના ઉત્પન્નનો ખુલાસો. દરસાલ એક જોડી એટલે બે બળદથી પૃથ્વી ખેડી ૨૦૦) મણ દાણો ઉત્પન્ન કરવામાં આવેછે. એ હીસાબે ચાર બળદ પાસેથી ૪૦૦ મણ દાણા દરસાલ ઉ-ત્પન્ન કરવામાં આવે એમ સિદ્ધ થાયછે.

બળદની જીંદગી ઓછામાં ઓછી ૧૫ વરસ ગણીએ અને તેમાંથી ત્રણ વરસ બચપણનાં અને બેવરસ ઘડપણનાં બાદ કરીએ તો બાકીનાં જુવાનીનાં દસ વરસ રહ્યાં. તે દસ વરસમાં ઉપરના હિસાબ મુજબ ચાર બળદનું એકંદર ઉ-ત્પન્ન વીસ મણની એક ખાંડી એ હિસાબે બસેં ખાંડી ધાન્ય ઉત્પન્ન થાયછે એમ સિદ્ધ થાયછે.

દર માણસને સરેરાસ એક સેર અનાજ ગણીએ તો

બસેં ખાંડી ધાન્યથી ૨,૫૬,૦૦૦ માણસ એક દિવસ જમી તૃપ્ત થાય એમ સિદ્ધ થાયછે.

ઉપર બતાવેલી એક ગાય અને તેની પ્રજા ચાર બળદ ને ત્રણ ગાય થઇ એમ કલ્પના કરેલી છે. તો એ ચાર ગાયનું દુધ અને ચાર બળદે ઉત્પન્ન કરેલું અનાજ એની ખીર તથા પુરી કરીએ તો તેટલા અનાજમાંથી સરેરાસ ૨,૮૬,૨૪૦ માણસ એક વખત જમીને તૃપ્ત થાય એમ સિદ્ધ થાયછે. સરેરાસ દર મનુષ્યને ખીરપુરીની પત્તળ (થાળ) ઓછા-માં ઓછું ચાર આના પ્રમાણે ગણીએ તો ૨,૮૬,૨૪૦ મા-ણસ એક વખત જમી તૃપ્ત થવાને ૭૧,૫૬૦ રૂપીઆ થાય એમ નક્કી થાયછે કે નહીં ?

મતલબ એ કે કસાઇએ જો એક ગાય ખાવામાટે મારી તો ૭૧,૫૬૦ રૂપીઆનું નુકશાન આ હિંદુસ્થાનના લોકોનું થાયછે એમ ઉપર બતાવેલી એક ગાયની પેઢીના દાખલા-થી સિદ્ધ થાયછે. અને હાલમાં આ હિંદુસ્થાનમાં દર વર-સે ઓછામાં ઓછી બે લાખ ગાય કસાઇ લોકો ખાવાને સારૂ મારી નાંખેછે એ પ્રમાણે આ હિંદુસ્થાનમાંના મોટાં મોટાં શેહેરોમાંથી અને ગામોમાંથી જે કસાઇખાના (પશુ ઘાત કરવાની જગા) છે તેના શોધ ઉપરથી અનુમાન થાય-છે કે જો દરસાલ આ બે લાખ ગાયં બચાવીએ તો ૧૪ અબ-જ ૩૧ કરોડ ૨૦ લાખ રૂપીયા નફો દરસાલ આ હિંદુસ્થાન દેશને થશે અથવા ૫૭ અબજ ૨૪ કરોડ ૮૦ લાખ માણસો

એક વખત જમી તૃપ્ત થવાના અન્નની (જગા=અન્નની દાતા ગાય) નહીં સરખી થાયછે તે રેહશે. એમ ઉપર બતાવેલી એક ગાયની હયાતીની એક પેડીના ઉત્પન્નના દૃષ્ટાંતથી તથા નિશ્ચેથી સ્પષ્ટ માલમ પડેછે કે નહીં એનો સુજ્ઞ જનોએ સારીપેઠે વિચાર કરવો અને પોતાનું હીત જાળવીને પુણ્યવાન થાઓ અને સુખ ભોગવો. હિંસાનું પાપ જે થાય છે તે નીર્મુળ કરવા ખંતથી પ્રયત્ન કરો. પાપી ને દરિદ્રી થઇને દુઃખ ભોગવો નહીં એજ વિનંતી.

હિંસા બંધ કરવાનો ખરો ઉપાય.

અભંગ.

ડુકર તો નર્ક ખાતાં સુખ માને, સમજે મિષ્ટાન્ને શૂં તે સ્વાદ;
શ્વાનને ભોજન અમૃતનું આપ્યું, પણચીત્તવ્યાપ્યૂં, હાડમાંહે;
તુકા કહે સર્પોને પાયું દુધતોએ, તેનું વીષ હોયે, જાણો જાત;
સુકીદેવજાત્રા વરસેઆતેથી, દુખીઆદાશીશી, માને પોતે.
આણીનેબકરો કાપે દે આગે, ત્રફડવા લાગે, બેંબેંકરી;
શુદ્ર ઘેર દેવમાંસમદ્યમાગે, વિપ્ર ઘેર માગે, ખીરપુરી;
તુકારામ કેજે ભાવે જીભે જેજે, પથરાને, તે તે લોકો આપે.
ધીકતેદુર્જન ભુતદયાવીણ, વ્યર્થમાતહીણ, પ્રસવીતે;
પાષાણહૃદય રેતે ચંડાળોનાં, દુખ પારકાનાં, જાણે નહીં;
નીજ જીવ જેવો સૌનોપણ તેવો, સાચો ન્યાય એવો, માને નહીં
તુકાકેછેકાપી ખાયગરીબોને, જોતામાં વાઘોને, રોતા તેઓ.

કડવું કારેલું જો ઘીમાં તળ્યું હોય, સાકરમાં ઘોળ્યું હોય, તો પણ તેની કડવાસ નિર્મુળ થતી નથી. અને સાપને

ગમે તેટલું દુધ પાચું હોય તો પણ તે વીષ રહીત થતો નથી. કુતરાની પુંછડી સીધી કરવામાટે હજારો વખત નળીમાં ઘાલીએ તો પણ તે સીધી થતી નથી. તેજ પ્રમાણે માંસ મચ્છ અને મદ્ય ખાનારા મનુષ્યને માંસ ન ખાવું એવો હરેક પ્રકારે ઉપદેશ કર્યો તો પણ તે માંસ ખાધા વગર રેહવાના નથી, એ વાત નકી છે પણ આ પુસ્તક તેણે એક વાર પણ લક્ષપૂર્વક અવલોકન કરી વાંચવું. અને વાઘ સાપની પેઠે દુખ દેનારાં પ્રાણી નથી પણ ગાય જેવાં સંપત્તી સુખ આપનારાં પ્રાણી મારી ખાવાથી નઠારૂં પરિણામ થાય છે એમ તેમને લાગે તો તેઓએ પોતાનાં છોકરાંને બાલકપણમાંથી માંસ ખાવાની ટેવ પાડવી નહી, એટલુંજ નહી પણ પોતે માંસ ખાયછે એમ તેનાં છોકરાંને સમજવા દેવું નહી. એવી રીતથી તેનાં તે છોકરાં મોટાં થયાં એટલે તેને માંસ ખાવું એમ કદાપી મન થશે નહીં. કારણ નાનપણાથી જે બકરાંનું માંસ ખાય છે તે ઢોરના માંસને અડકતા પણ નથી. એ દૃષ્ટાંત ઉપરથી બાળકપણમાં માંસ ન ખાનારો માણસ મોટપણે કદી માંસ ખાસે નહીં. એટલામાટે આ યુક્તીથી માંસ ખાનારની ત્રીજી પેડી (પૌત્રાદિ) નકી અહીંસક થઇ આ લોક પર લોકનું સુખ ભોગવશે. અને તેના પુણ્યથી તેના માંસહારી પીતર પણ ઇહપર લોકમાં સુખ પામશે. ઇતિ સર્વેશ્વરાર્પણમસ્તુ.

સમાપ્ત.

જાહેર ખબર.

મરાઠી, ગુજરાતી, હિંદુસ્થાની, મદ્રાસી, તૈલંગી, કાનડી, પારસી, અંગ્રેજી, વિગેરે અનેક ભાષામાં આ પુસ્તક એક એક લાખ છાપી આ હિંદુસ્થાનમાંની ૩૦ કરોડ પ્રજામાં ગામે ગામ આ પુસ્તકમાંના વિષય ઉપર વ્યાખ્યાનો આપી તે તે વ્યાખ્યાનમાં, તે તે દેશ ભાષામાં આ છાપેલાં પુસ્તકો મફત આપવાં એટલે એમાંનો વિષય બધાના સમજવામાં સારીપેઠે આવશે. અને આમાંનો મુખ્ય હેતુ જલદી પાર પડશે, એટલામાટે આ કામ સારૂ પોતાને હાથે અથવા પારકે હાથે શક્તી મુજબ સર્વ જણાએ પૈસાની મદત આપવી.

કેટલાએક લોક પોતાનો પૈસો ગમે તે ઠેકાણે અગણીત ખરચેછે, અને છોકરાં વગરના શ્રીમંત, વીધૂર, કે વિધવા પોતાનો પૈસો દત્તકને આપી દેછે. અને પછી થોડાજ કારણ માટે કોરટ લડી પોતાની મુરખાઈ જગતમાં જણાવેછે અને ભીખારી થઈ જાયછે. તે પ્રમાણે સમજુઓએ ફસાવવું નહી. ગોહત્યા અને બાલહત્યા વિગેરે હિંસાના પાપ બંધ કરવાના આ પુણ્યના કામમાટે પોતાનો પૈસો ખરચવો.

આ પુણ્યના કામમાં જે મદત આપશે તેને કાશી, રામેશ્વર આદી અનેક તીર્થ કરવા કરતાં અથવા અનેક દેવાલયો અને ધર્મશાળા બાંધવા કરતાં, અથવા અનેક સદાવર્તો તથા અન્નછત્ર કરવા કરતાં, પણ અનાથ બાલક અને ગાય, બળદ, વગેરે મુગાં પ્રાણીને મારી નાંખેછે તે બચાવવાનું આ મોટું પુણ્ય મળશે. એનો વીચાર કરો અને આ કામને મદત આપવી એમ લાગે તેણે મોટી ઊતાવળથી મનીઆડર કરીને પોષ્ટ મારફત દયાળુ દેશભાઈઓ તથા બેહેનો હોય તેણે પૈસા મોકલવા; તેની રસીદ પોષ્ટિ મારફતે મળશે.

મુંબાઈ, કાંદાવાડી કાઉલેન દવાખાનું ઘરનંબર ૫ સદહું પુસ્તકના માલીક. **પંડીત નારાયણ કેશવ વૈદ્ય.**